# કહૉં ગયે વો લોગ...

□ ઉમર ફારૂક ચામડ ટંકારવી

સને ૧૯૫૪માં મારી શાદી હતી. હું માતાપિતાનું એક જ સંતાન એટલે શાદી ધૂમધામથી કરવી એવી બધાની ઇચ્છા. એમાં એક સૂર બેન્ડ તો વડોદરાની જ લાવવી એવો ઉઠયો. મારા પિતાએ માણસ બેન્ડ નક્કી કરવા વડોદરા મોકલ્યા. ખબર આવી કે તે તારીખોમાં કોઇ બેન્ડ મળે તેમ નથી. પછી મરહુમ અહમદ દાદાભાઇ ખાંધીઆ શેઠને વડોદરા **મરહુમ મુસા મહમદ માસ્તર ઘોડીવાલા** પાસે મોકલવામાં આવ્યા. મુસાભાઇ તે સમયે ઇન્કમ ટેક્ષ ઓફિસમાં સારા હોદ્દા પર હતા, ને આખા વડોદરામાં એમની શાખ અને ઓળખાણ હતી. વાત સાંભળી મુસાભાઇ અહમદ શેઠને લઇ વડોદરાના બેન્ડવાળાઓ પાસે ગયા. બધાએ મુસાભાઇની ઓળખ છતાં એ દહાડે આખા વડોદરામાં બેન્ડ નહીં મળે એમ કહ્યું.

મુસાભાઇએ હિંમત હાર્યા વગર દરેક બેન્ડવાળા પાસેથી બે બે માણસો લઇ એક નવી બેન્ડ 'સરદાર બેન્ડ'ના નામે બનાવી ટંકારીઆ મોકલી.

આવા અનેક ટંકારીઆ વાસીઓને દરેક પ્રસંગે એ કામ આવતા. ખૂબ જ સાદા, સદા હાથમાં સાઇકલ, જ્યાં જાય ત્યાં આવકાર પામતા. સ્થળ સંકોચને કારણે મરહુમનો આ એક જ જીવન પ્રસંગ લખું છું. બાકી ટંકારીઆનો એ સાચો સપૂત હતો. મરહુમના અવસાન સમયે આખું ઇન્કમ ટેક્ષ ડિપાર્ટમેન્ટ ટંકારીઆ તેમની દફનવિધિમાં હાજર રહેવા આવેલું. મને 'મરીઝ'નો પેલો શેર યાદ આવે છે:

*દુનિયામાં કંઇકનો હું કરજદાર છું 'મરીઝ'*
*ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે.*